# બી.એ.પી.એસ. સ્વામિનારાયણ સંસ્થા

## બાળ સત્સંગ પરીક્ષા કાર્યાલય

### સત્સંગ વિહાર - ૧ : પ્રેક્ટિસ પેપર - ૭

### જવાબપત્ર - ૭

સમય : ૨ કલાક
કુલ ગુણ : ૧૦૦

**પ્ર.૧ સાચો વિકલ્પ પસંદ કરી ચોરસ ખાનામાં જવાબ નંબર લખો.** **[૪૦]**

૧. આરતીની રચના કયા સ્થળે કરવામાં આવી હતી ?

(૧) વડતાલ **(૨) કાલવાણી** (૩) જૂનાગઢ — ૧. **૨**

૨. આરતીમાં ''પુરુષોત્તમ પ્રગટનું, જે દર્શન કરશે, કાળકર્મથી છુટી કુટુંબ સહિત તરશે.'' પછી કઈ પંક્તિ આવે છે ?

(૧) નારાયણસુખદાતા, દ્વિજકુળ તનુ ધારી,
પામર પતિત ઉધ્ધાર્યા, અગણિત નરનારી.

**(૨) આ અવસર કરૂણાનિધિ, કરુણા બહુ કીધી,**
**મુક્તાનંદ કહે મુક્તિ, સુગમ કરી સીધી.**

(૩) નિત્ય નિત્ય નૌતમ લીલા કરતાં અવિનાશી,
અડસઠ તીરથ ચરણે, કોટી ગયા કાશી.

— ૨. **૨**

૩. વ્યાપકાનંદ સ્વામી કોનો જીવ લઈ ઘોડીને જીવતી કરી ?

(૧) માખીનો **(૨) મચ્છરનો** (૩) પગંગિયાનો — ૩. **૨**

૪. ચારો વેદોમાં ૧ વેદ ?

(૧) વચનામૃત (૨) શિક્ષાપત્રી **(3) અથર્વ** — ૪. **3**

૫. જન્મ-મરણના ચક્રમાં જીવ કયો સર્વોત્તમ દેહ ધારણ કરે છે ?

(૧) પશુનો (૨) વૃક્ષનો **(3) મનુષ્યનો** — ૫. **3**

૬. ઘનશ્યામ નાનપણમાં ક્યાં રહેતા હતા ?

**(૧) છપૈયા** (૨) અટલાદરા (૩) જેતલપુર — ૬. **૧**

૭. રામાનંદ સ્વામીએ નીલકંઠ વર્ણીને દીક્ષા ક્યાં આપી ?

(૧) જેતલપુર (૨) લોયા **(3) પિપલાણા** — ૭. **3**

૮. ધર્મદેવ ઘનશ્યામને નિત્ય શું શીખવતા ?

(૧) માળા **(૨) હિન્દુ શાસ્ત્ર** (૩) તરણકલા — ૮. **૨**

૯. રાજા વજેસિંહે દરબારમાં લાડુદાનજીને ગાતા સાંભળી શું કર્યું ?

(૧) ના ખુશ થયા. (૨) ખુશ થયા અને ધન આપ્યું. — ૯. **3**

**(3) ખુશ થયા અને સોનાથી મઢવાનું વિચાર્યું.**

૧૦. મૂળજી ભગતે ગામના વૃદ્ધોને શું કરતા જોયા ?

**(૧) ગામના વૃદ્ધો ગામગપાટા કરતા હતા, કોઈપણ ભગવાનનું નામ લેતું ન હતું.** — ૧૦. **૧**

(૨) સર્વે વૃદ્ધો ભગવાનનું નામ સ્મરણ કરતા હતા.

(૩) સર્વે વૃદ્ધો પોતાના પૌત્રોને ભગવાનની વાતો કરતા હતા.

**૧૧.** સ્વામીબાપાએ સંતના પ્રશ્નનો (પત્રનો) ઉત્તર આપ્યો, ત્યારે અંગ્રેજીમાં જવાબ કોણે લખ્યો ?

(૧) ધર્મચરણ સ્વામી **(૨) સ્વામીબાપા** (૩) ટાઈપ કર્યો **૧૧.** | ૨ |

**૧૨.** શિખરબદ્ધ મંદિરમાં થતી દિવસની પહેલી આરતી કઈ ?

**(૧) મંગળા** (૨) શયન (૩) રાજભોગ **૧૨.** | ૧ |

**૧૩.** એકાદશી કેટલી રીતે કરી શકાય છે ?

(૧) ૧ (૨) ૨ **(૩) ૩** **૧૩.** | ૩ |

**૧૪.** યોગીજી મહારાજે શેની સ્થાપના કરી ?

(૧) લાઈટ બલ્બ **(૨) બાળમંડળ** (૩) કથાવાર્તા **૧૪.** | ૨ |

**૧૫.** આરતી ઉતારી જ્યોત પર કેટલીવાર પ્રદક્ષિણાની જેમ જળ ફેરવવાનું હોય ?

(૧) ૨ **(૨) ૩** (૩) ૪ **૧૫.** | ૨ |

**૧૬.** ડુંગળી, લસણ અને હિંગ આપણે શા માટે ન ખવાય ?

(૧) રોગનું કારણ છે. **(૨) તે ખોરાક તામસી છે.** **૧૬.** | ૨ |

(૩) તે આપણને મૃત્યુ આપે છે.

**૧૭.** હિમરાજ શાહ કયા પ્રસંગ દ્વારા સૌ પ્રથમવાર સ્વામિનારાયણ સંપ્રદાયના સંપર્કમાં આવ્યા ?

(૧) ગોપાળાનંદ સ્વામીએ માંગેલ ધર્માદા દ્વારા **૧૭.** | ૨ |

**(૨) ગોપાળાનંદ સ્વામીની નાડી તપાસતા**

(૩) ગોપાળાનંદ સ્વામીની કથાવાર્તા દ્વારા

**૧૮.** પુનર્જન્મ પર સંશોધન કરનાર સંશોધનકાર કોણ છે ?

(૧) આલ્બર્ટ આઈન્સ્ટાઈન **(૨) ઈઆન સ્ટીવનસન** (૩) કોપરનીક્સ **૧૮.** | ૨ |

**૧૯.** એક નીચી જ્ઞાતિના ગરીબ વ્યક્તિને અંતકાળે (મૃત્યુ સમયે) શેના દર્શન થયા ?

(૧) શ્રીજી મહારાજના કથા કરતા (૨) શ્રીજી મહારાજ રાસ રમતા **૧૯.** | ૩ |

**(૩) શ્રીજી મહારાજની મૂર્તિ પીરસતા**

**૨૦.** સ્વામીબાપાની ૫૧મી જન્મજયંતિ વખતે ૧૧ દિવસનાં ઉત્સવ દરમિયાન કયા દિવસે સ્વામીબાપાએ નાની સેવા કરી ?

**(૧) છેલ્લા દિવસે** (૨) બીજા દિવસે (૩) પાંચમાં દિવસે **૨૦.** | ૧ |

**૨૧.** માણસિયો ખુમાણના જીવનમાં નીચેનામાંથી કઈ ઘટના ઘડી ન હતી ?

(૧) રૂા. ૨ લાખ (૨,૦૦,૦૦૦) બચત કરી **(૨) નોકરીમાં પ્રગતિ મળી** **૨૧.** | ૨ |

(૩) ચોખ્ખો ધર્માદો કાઢતા

**૨૨.** શ્રીજી મહારાજે ફૂલદોલનો ઉત્સવ કયા સ્થળે ઉજવ્યો હતો ?

**(૧) પંચાળા** (૨) સારંગપુર (૩) વડતાલ **૨૨.** | ૧ |

**૨૩.** રાજા વજેસિંહનો દરબાર ક્યાં હતો ?

**(૧) ભાવનગર** (૨) અમદાવાદ (૩) લંડન **૨૩.** | ૧ |

**૨૪.** શ્રીજીમહારાજને પોતાના ભક્તોએ ચાર લક્ષણથી ઓળખ્યા છે, નીચેનું કયું લક્ષણ તેમાનું નથી ?

(૧) દિવ્ય સ્વરૂપ (૨) સર્વોપરી **(૩) વિષ્ણુના અવતાર** **૨૪.** | ૩ |

**૨૫.** ૧૦૦ વર્ષ પૂર્વે ઘનશ્યામ મહારાજની મૂર્તિ કયા ગામમાં પધરાવવાની હતી ?

**(૧) રામપુરા, સુરત** (૨) અમદાવાદ (૩) બોચાસણ **૨૫.** | ૧ |

**૨૬.** વાછરડાંઓને કેટલા દિવસથી ખાવો નહોતું મળ્યું ?

(૧) ૧-૪ (૨) ૧ **(૩) ૨-૩** **૨૬.** 3

**૨૭.** વર્તમાન ધરાવ્યા બાદ ગળામાં શું ધારણ કરવામાં આવે છે ?

(૧) ફુલહાર (૨) માળા **(૩) બે સરની કંઠી** **૨૭.** 3

**૨૮.** પૂજામાં કેટલી માળા અને પ્રદક્ષિણા કરવી જોઈએ ?

(૧) ૬-૧૦ (૨) ૩-૧૧ **(૩) ૫-૧૧** **૨૮.** 3

**૨૯.** બાળસભામાં શું ન કરવું જોઈએ ?

(૧) સભામાં ભાગ લેવો **(૨) અન્ય બાળકને હેરાન કરવા** (૩) ધ્યાન આપવું **૨૯.** ૨

**૩૦.** કયું શાસ્ત્ર સ્વામિનારાયણ સંપ્રદાયનું નથી ?

(૧) સ્વામીની વાતો **(૨) રામાયણ** (૩) વચનામૃત **૩૦.** ૨

**૩૧.** વાઘાખાચરની સર્વે ઉપાધિ ટળી ગઈ. તેમના ભૂંડા સ્વપ્ના અને દુર્ગુણો ટળી ગયા. જ્યારે તેમને.........

**(૧) નિરાવરણ સ્થિતિ થઈ** (૨) અંતરમાં શાંતિ થઈ (૩) બંને **૩૧.** ૧

**૩૨.** મહંતે નીલકંઠવર્ણીને મઠમાં રોકવા કેટલા રૂપિયા આપવાનો પ્રસ્તાવ મૂક્યો ?

(૧) ૧ રૂપિયો (૨) રૂ. ૫ લાખ **(૩) રૂ. ૧ લાખ** **૩૨.** 3

**૩૩.** કોણે શ્રીજી મહારાજને પૂછ્યું કે ''મહારાજ તમે ડાબી બાજુથી જમણી તરફ શા માટે જોયું ?''

(૧) દાદાખાચર (૨) ગુણાતીતાનંદ સ્વામી **(૩) મુક્તાનંદ સ્વામી** **૩૩.** 3

**૩૪.** સહજાનંદ સ્વામીએ કેટલા વરદાન માંગ્યા ?

(૧) ૩ **(૨) ૨** (૩) ૫ **૩૪.** ૨

**૩૫.** ગાદી સોંપવાના પ્રસંગને શું કહેવામાં આવે છે ?

(૧) મંગલાચરણ (૨) સ્વાગત **(૩) પટ્ટાભિષેક** **૩૫.** 3

**૩૬.** કયા દેવ બ્રહ્માંડના સંચાલક નથી ?

**(૧) ગણેશ** (૨) વિષ્ણુ (૩) બ્રહ્મા **૩૬.** ૧

**૩૭.** ''આ અમારે રહેવાનું અક્ષરધામ છે.'' આ વાક્ય શ્રીજી મહારાજે કોને ઉદ્દેશીને કહ્યું ?

(૧) ગોપાળાનંદ સ્વામી **(૨) ગુણાતીતાનંદ સ્વામી** (૩) પોતાને **૩૭.** ૨

**૩૮.** પ્રગટ સત્પુરુષ શું છે ?

(૧) સદ્‌ગુરુ (૨) સંત **(૩) મોક્ષનું દ્વાર** **૩૮.** 3

**૩૯.** મનુષ્ય દેહ પ્રાપ્ત કર્યા પહેલા જીવ કેટલા જાતના દેહ ધારણ કરે છે ?

(૧) ૩૨ લાખ **(૨) ૮૪ લાખ** (૩) ૮૬ લાખ **૩૯.** ૨

**૪૦.** ઘનશ્યામ પ્રભુના મોટાભાઈનું નામ શું હતું ?

**(૧) રામપ્રતાપભાઈ** (૨) ઈચ્છારામ (૩) ધર્મદેવ **૪૦.** ૧

**૪૧.** ગુણાતીતાનંદ સ્વામી ઈચ્છતા હતા કે દુનિયામાં સત્સંગ .............. ફેલાય.

**(૧) પાંદડે - પાંદડે** (૨) દરેક ખંડમાં (૩) દરેક ઘરમાં **૪૧.** ૧

**૪૨.** ભગવાન સ્વામિનારાયણે કયા ગ્રંથો આપ્યા ?

(૧) વચનામૃત (૨) શિક્ષાપત્રી **(૩) બંને** **૪૨.** 3

**૪૩.** ભક્તો જંગલમાં, ગુફામાં કે પર્વતની ટોચે શેનો અનુભવ કરતા ?

(૧) ભક્તિનો (૨) મોક્ષ/મુક્તિનો **(૩) શાંતિનો** **૪૩.** 3

૪૪. 'અક્ષરવાટ' એટલે કોના દ્વારા શ્રીજી મહારાજનું પ્રગટપણું ?

**(૧) ગુણાતીત ગુરુપરંપરા** (૨) ધર્મ પરંપરા (૩) વંશ પરંપરા — ૪૪. **૧**

૪૫. ''બધાનાં નામ પાડનાર તો ભગવાન જ છે.'' એમ કોણ કહ્યું ?

**(૧) મુક્તાનંદ સ્વામી** (૨) બ્રહ્માનંદ સ્વામી (૩) શ્રીજી મહારાજ — ૪૫. **૧**

૪૬. અસેવા તે શું ?

(૧) અયોગ્ય સેવા (૨) ઈચ્છા પ્રમાણે સેવા **(૩) અવગુણ લેવો** — ૪૬. **૩**

૪૭. ''ગુણાતીતં ગુરુ પ્રાપ્ય...'' આ શ્લોક ક્યારે બોલવાનો હોય છે.

(૧) પૂજામાં (૨) જમતાં પહેલાં **(૩) ધ્યેય મંત્ર અને પૂર્ણાહુતિ શ્લોક** — ૪૭. **૩**

૪૮. પરમહંસ તરીકે કેટલા સાધુઓને ભગવાન સ્વામિનારાયણે દીક્ષા આપી ?

(૧) ૫૦૦ (૨) ૧૦૦૦ **(૩) ૩૦૦૦** — ૪૮. **૩**

૪૯. બી.એ.પી.એસ. સંસ્થાના પ્રમુખ કોણ છે ?

(૧) શાસ્ત્રીજી મહારાજ (૨) યોગીજી મહારાજ — ૪૯. **૩**

**(૩) પ્રમુખસ્વામી મહારાજ/મહંતસ્વામી મહારાજ**

૫૦. બી.એ.પી.એસ. સંસ્થાના મુખ્ય શાસ્ત્ર કયા ?

(૧) વચનામૃત, સ્વામીની વાતો (૨) વચનામૃત, શિક્ષાપત્રી — ૫૦. **૩**

**(૩) વચનામૃત, સ્વામીની વાતો, શિક્ષાપત્રી**

**પ્ર.૨ નીચેના વાક્યો ખરાં (✓) છે કે ખોટાં (✗)તેની નિશાની સામેના ખાનામાં કરો.** **[૨૦]**

૧. વેદોમાં આત્મા - પરમાત્માનું જ્ઞાન હોતું નથી. — ૧. ✗

૨. યોગીબાપાએ સંગીત અને સંસ્કૃત પાઠશાળાની શરૂઆત કરી. — ૨. ✓

૩. લાડુદાનજીની એક ઈચ્છા એ હતી કે : શ્રીમદ્ ભાગવત કાળા કપડામાં વીંટેલું હોય. — ૩. ✓

૪. બી.એ.પી.એસ. સંસ્થાની દેશ-વિદેશની પ્રવૃત્તિઓ, શાળા - છાત્રાલયોના બાંધકામ - સારસંભાળ તેમજ સંચાલન અને શિષ્યવૃત્તિ દ્વારા શૈક્ષણિક સેવા કરવામાં આવે છે. — ૪. ✓

૫. પ્રમુખસ્વામી મહારાજનું બાળપણનું નામ મૂળજી શર્મા હતું. — ૫. ✗

૬. ગોપાળાનંદ સ્વામી કહે છે કે, ''સમગ્ર બ્રહ્માંડમાં શ્રીજી મહારાજની ઈચ્છા વિના સૂકુ પાંદડુ હલવા સમર્થ નથી. પરંતુ તમારી કૃપા દ્વારા હું જે પણ ઈચ્છું છું તે કરી શકું છું.'' — ૬. ✓

૭. કાવડએ વાંસનું બનાવેલું વાહક છે. — ૭. ✓

૮. શ્રીજીમહારાજ મધરાત્રે તેમના સ્વપ્નમાંથી જાગ્યા અને મુક્તાનંદ સ્વામીને તે સ્વપ્નની જાણ કરી. — ૮. ✓

૯. દંડવત્ એટલે એક પગે ઊભા રહી, બંને હાથ ઊંચા રાખી માળા ફેરવવી. — ૯. ✗

૧૦. ગુણાતીતાનંદ સ્વામી જે અક્ષરબ્રહ્મ છે, તેમનો જન્મ ૧૭ ઓક્ટોબર, ૧૭૮૫ (વિક્રમ સંવત ૧૮૪૧, આસો સુદ પુનમ) અમદાવાદ, જામનગર જિલ્લામાં થયો હતો. — ૧૦. ✗

૧૧. અહિંસાએ હિંદુ ધર્મના ઘણા બધા સિધ્ધાંતોમાંનો એક સિધ્ધાંત છે. — ૧૧. ✓

**૧૨.** ઉત્સવ પછી રામાનંદ સ્વામીએ સૌ ભક્તોને કહ્યું, ''સૌ હવે પછી આ સહજાનંદ સ્વામીની આજ્ઞામાં રહેજો. મેં ડુગડુગી વગાડી લીધી. મારું કામ હવે પૂરું થયું!'' **૧૨.** ✓

**૧૩.** જામનગરના રાજા જામસાહેબ હતા. **૧૩.** ✓

**૧૪.** દાદાખાચરે ગોપાળાનંદ સ્વામી જેવી યોગની શક્તિ દર્શાવી હતી. **૧૪.** ✗

**૧૫.** ગૃહત્યાગ કર્યા બાદ ઘનશ્યામ સહજાનંદ સ્વામી તરીકે ઓળખાયા. **૧૫.** ✗

**૧૬.** આપણે (BAPS) સ્વામિનારાયણ સંસ્થાના અનુયાયી છે. **૧૬.** ✓

**૧૭.** ભગતજી મહારાજ શાસ્ત્રીજી મહારાજના ગુરુ બન્યા કારણ કે તેમણે સ્વામિ અને નારાયણ, અક્ષર અને પુરુષોત્તમની ઉપાસના સમજાવી. **૧૭.** ✓

**૧૮.** શ્રીજી મહારાજે ક્યારેય પણ અનંત બ્રહ્માંડના જીવોની મુક્તિ માટે એક સાથે મનુષ્ય દેહ ધાર્યો નથી. **૧૮.** ✗

**૧૯.** કુસંગરૂપી ઝેર પોતાની અસર તરત જ દર્શાવે છે. **૧૯.** ✓

**૨૦.** પૂજામાં આપણે દક્ષિણ દિશા તરફ મુખ રાખીને બેસીએ છીએ. **૨૦.** ✗

**પ્ર.3 નીચે આપેલા પ્રશ્નોના ૧ કે ૨ વાક્યમાં જવાબ લખો. [૨૦]**

**૧.** પર્વતભાઈને વરાહ અવતારમાં ભગવાન કેવા દેખાતા હશે એવો વિચાર આવ્યો ત્યારે મહારાજે તેમને શેના દર્શન કરાવ્યા ?

**જ.** **મહારાજે પર્વતભાઈને બધા (૨૪) ચોવીસ અવતારો અને બધા અવતારો શ્રીજીમહારાજમાં (પોતાના સ્વરૂપમાં) સમાઈ ગયા એવા દર્શન કરાવ્યા.**

**૨.** સાધુ બન્યા પછી ઝીણા ભગતનું નામ શું હતું ?

**જ.** **ઝીણા ભગતનું નામ સાધુ જ્ઞાનજીવનદાસ રાખવામાં આવ્યું હતું.**

**3.** મહારાજ અને સ્વામીનું પૂજામાં સ્વાગત કરવા માટે કયો આહ્વાન મંત્ર બોલાય છે ?

**જ.** **ઉત્તિષ્ઠોત્તિષ્ઠ હે નાથ ! સ્વામિનારાયણ પ્રભો ! ।**
**ધર્મસૂનો દયાસિન્ધો સ્વેષાં શ્રેયઃ પરં કુરુ ॥**

**આગચ્છ ભગવન્ દેવ ! સ્વસ્થાનાત્ પરમેશ્વર ! ।**
**અહં પૂજાં કરિષ્યામિ સદા ત્વં સમ્મુખો ભવ ॥**

**૪.** તપની માળા એટલે શું ?

**જ.** **તપની માળા એટલે એક પગે ઊભા રહી, બંને હાથ ઊંચા રાખી ૧ માળા ફેરવવી.**

**૫.** સહજાનંદ સ્વામીએ, પહેલું વરદાન કયું માંગ્યું ?

**જ.** **જો કોઈ ભક્તને એક વીંછી કરડવાનું દુઃખ થવાનું હોય; તો તે દુઃખ એને ન થતાં, મને રૂંવાડે રૂંવાડે કરોડ વીંછી જેટલું દુઃખ થાય.**

**પ્ર.૪ મુખપાઠ પંક્તિ પૂર્ણ કરો.** **[૧૦]**

**૧.** વંદું શ્રીહરિને સદા, .............................. કલ્યાણદાતા તમે.

**જ. વંદું શ્રી હરિને સદા હૃદયથી, ગુણાતીતાનંદને,**
**વંદું પ્રાગજી ભક્તને વળી નમું, શાસ્ત્રી મહારાજને;**
**વંદું શ્રી ગુરુ યોગીજી પ્રમુખજી, સૌના ઉરે જે રમે,**
**વંદું સંત મહંતસ્વામી ચરણે, કલ્યાણદાતા તમે.**

**૨.** સેવા તો પોતાની .............................. અવગુણ લેવો.

**જ. સેવા તો પોતાની શ્રદ્ધા પ્રમાણે થાય તે કરવી, પણ અસેવા તો ન જ કરવી. તે અસેવા તે શું ? જે અવગુણ લેવો. (૨/૧૩૩)**

**૩.** ગુરુર્બ્રહ્મા ગુરુર્વિષ્ણુ .............................. શ્રી ગુરવે નમઃ ॥

**જ. ગુરુર્બ્રહ્મા ગુરુર્વિષ્ણુ ર્ગુરુર્દેવો મહેશ્વરઃ ।**
**ગુરુઃ સાક્ષાત્ પરં બ્રહ્મ, તસ્મૈ શ્રી ગુરવે નમઃ ॥**

**૪.** નારાયણ સુખદાતા, .............................. કોટિ ગયા કાશી...

**જ. નારાયણ સુખદાતા, દ્વિજકુળ તનુ ધારી (૨)**
**પામર પતિત ઉદ્ધાર્યા (૨) અગણિત નરનારી... જય. ૩**
**નિત્ય નિત્ય નૌતમ લીલા, કરતા અવિનાશી (૨)**
**અડસઠ તીરથ ચરણે (૨) કોટિ ગયા કાશી... જય. ૪**

**૫.** રોજ સવારે પૂજામાં કરવાની પ્રાર્થના .................

**જ. હે મહારાજ, હે સ્વામી ! હે મહંતસ્વામી મહારાજ! હું હંમેશાં આપની આજ્ઞા પાળું, ખરાબ કાર્ય ન કરું, આપને રાજી કરી શકું તેવાં બળ-બુદ્ધિ આપજો. કુસંગ થકી રક્ષા કરજો અને સારાનો સંગ આપજો. માતાપિતાની સેવા કરું અને અભ્યાસ બરાબર કરું અને આપનો આદર્શ ભક્ત બનું એવી શક્તિ આપજો.**

**પ્ર.૫ નીચેના કોઈપણ એક વિષય પર ટૂંકનોંધ લખો. (૧૦ થી ૧૨ લીટીમાં)** **[૧૦]**

**૧.** સિંહને વશ કર્યો. **(પાઠ નં. ૫)**

**૨.** બી.એ.પી.એસ. સંસ્થાની સ્થાપના **(પાઠ નં. ૧૫)**

**૩.** હિન્દુ એટલે ? **(પાઠ નં. ૧)**

**(જવાબ માટે યોગ્ય પ્રકરણોનો સંદર્ભ લો.)**